સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

જૈન-પટેલ-ખામનું રાજકારણ ફાલે છે,
નચાવે છે નેતાઓને બધું લોકશાહી તાલે છે,
ભાલે છે આપણા આવી મનોવૃત્તિના નેતાઓ -
રૂપાણી હો કે રૂપાલા 'કોળી દાઢી'નું ચાલે છે...

મળી ફરીથી,
જનતાની 'મમતા'
બૌદ્ધિક ન્યાય...

પ્રેમ-કરૂણા,
'વાયદા પાલન'નું
'જય' - લલિતા

હાઈકુ

ચિંતન

દિવસેનૈવ તત્ કુર્યાદ્યેન રાત્રૌ સુખં વસેત્ ।
અષ્ટમાસેન તત્ કુર્યાદ્યેન વર્ષાઃ સુખં વસેત્ ॥

વિદુરનીતિમાંથી આ શ્લોક લેવાયો છે, મનુષ્યે દિવસે તે જ કામ કરવું, જેથી તે રાત્રે સુખેથી રહી શકે તથા આઠ માસમાં તે જ કામ કરવું જોઈએ જેથી વર્ષાકાળ (ચોમાસા)માં તે સુખેથી રહી શકે. યોગ્ય સમયે યોગ્ય કાર્ય પૂર્ણ કરવાથી સુખપૂર્વક રહી શકાય.

અત્યારે પરિણામની સિઝન ચાલે છે. વિદ્યાર્થીઓનાં અને ચૂંટણીનાં... વિદ્યાર્થીઓને પરિશ્રમ કરવા માટે, પરીક્ષા પહેલાં પુષ્કળ સમય મળે છે પણ એ સમયમાં એમને ચિંતા કે જાગૃતિ નથી હોતી. પછી પરિણામ ભોગવવાં પડે છે. રાજકારણીઓ પક્ષપલ્ટા, અને ન કરવાનાં - અનૈતિક કાર્યો કરી, કુખ્યાત થાય છે મતદારના હૃદય પર એની નોંધ રહે છે અને પરિણામ સૌ કોઈ જાણે છે.

માણસે દિનભર સાત્ત્વિક અને સદાચારને પોષતાં કામ કરવાં જોઈએ જેથી રાત્રે સૂતી વખતે પોતાને જ પોતાનો અંતરાત્મા 'ડંખે' નહીં.

સુવિચાર

- પરનું સારું દેખીને ઈર્ષા કરે અપાર, પોતાની મેળે બળે, મૂરખનો સરદાર - **રોહિત શાહ**
- આપણામાં પ્રભુની હાજરીનું પ્રથમ ચિહ્ન શાંતિ છે - **માતાજી**
- જીભનું મૌન એ સાચું મૌન નથી,
  મનને પણ મૌનની દિશા આપવી જોઈએ - **કૌટિલ્ય**
- કોઈ પણ ચીજ ઉપર આધાર રાખવો એ તો એ ચીજના કેદી બનવા જેવું છે, આથી ફક્ત ઈશ્વર પર આધાર રાખવો, ઈશ્વરના કેદી બનશો તો બંધન રહિત થશો - **એસ. ભટ્ટાચાર્ય**
- આખી દુનિયાના પાપ દૂર થઈ શકે છે,
  જો તેમનો સાચા દિલથી પસ્તાવો કરીએ તો - **મહંમદ પયગંબર**
- ગરીબી નમ્રતાની પરીક્ષા અને મિત્રતાની કસોટી છે - **બર્નાડ શો**
- આજનું ઔષધ : જમીને ડાબે પડખે સૂવે, તેની નાડ વૈદ્ય ન જુએ **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

અત્યારે આપણા દેશમાં કેટલાંય રાજયોમાં અનેક વિસ્તારોમાં 'દુષ્કાળ' ની પરિસ્થિતિ છે. લોકો-ગરીબો ખોરાક પાણી વિના ટટળે છે. જમાલપુરના એક મુસ્લિમ દાતો પોતાના ખર્ચે 'ટેન્કર' શરુ કર્યું. દાનનું આ શ્રેષ્ઠ કાર્ય છે. આપણા રાષ્ટ્રમાં બે હજારથી વધારે અબજોપતિ કરચોરો રહે છે એ ધારે તો દેશમાં કદી દુષ્કાળ ડોકાય જ નહીં - પણ 'ત્યાગ' ની એવી ભાવના હોય તો ને?

ભગવાન બુદ્ધે સત્સંગ સભામાં બેઠેલા લોકોને કહ્યું - અત્યારે દુષ્કાળ ચાલે છે, સભામાં બેઠેલા લોકો અન્નદાન અને વસ્ત્રદાન કરે!

સભા અર્ધી ખાલી થઈ ગઈ. બૌદ્ધ શિષ્ય નિરંજન પાસે એક જ વસ્ત્ર હતું. તે પણ ભગવાનના ચરણમાં મૂકી 'નગ્ન'દશામાં નત મસ્તકે ઊભો રહ્યો.

ભગવાને પૂછ્યું બેટા! આ એક જ વસ્ત્રનું પણ દાન આપી દેતાં તમે કંઈ દ્વિધા ન થઈ?

શિષ્ય કહે - થઈ ખરી, પણ ભગવાન! એ ત્યાગનો સંતોષ એટલો મોટો હતો કે દ્વિધા હારી ગઈ...

બુદ્ધ કહે - ઈશ્વરને સર્વધર્મ સમર્પિત કરવાથી આવો સંતોષ જન્મે છે.

રાષ્ટ્રીય રાજકારણમાં ધ્રુવીકરણની નવી દિશાઓ ખૂલે તે જરૂરી

ભારતીય જનતા પાર્ટીને આસામમાં વિજય મળતાં એ હવે હિંદી પટ્ટાની પાર્ટી હોવાનું મેણું ભાંગીને અખિલ ભારતીય ઓળખની અધિકારી બની છે. આ વિજયનું શ્રેય સ્વાભાવિક રીતે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત પાર્ટીના રાષ્ટ્રીય સુકાની અમિત શાહના ફાળે જાય છે. પાંચ રાજયો પૈકી આમ જુઓ તો પાર્ટીએ એક જ રાજયમાં સરકાર બનાવવાની નેમ હાંસલ કરી છે, પરંતુ એને કોંગ્રેસની પીછે હઠનો મનોવૈજ્ઞાનિક લાભ મળવા પામ્યો છે. જે રીતે પશ્ચિમ બંગમાં મમતા બેનરજીએ આટઆટલા અવરોધો વચ્ચે પ્રજાનું હૂંફાળું સમર્થન મેળવ્યું છે અને પાંચ વર્ષ અગાઉ મળેલી બેઠકો કરતાં પચ્ચીસ બેઠકો વધુ મેળવી વિરોધીઓને લપડાક લગાવી છે, કે જે રીતે તમિલનાડુની પ્રજાએ પરંપરા તોડીને જયા અમ્માને વધુ એક ટર્મ માટે રાજયની ધુરા સોંપી છે, તે જોતાં આ બેઉ પ્રાદેશિક મહિલા નેત્રીઓ વધુ અભિનંદનની અધિકારી બને છે, પરંતુ રાષ્ટ્રીય પાર્ટીમાંથી સંકોચાઈ પ્રાદેશિક પાર્ટી જેવી બની ગયેલ કોંગ્રેસમાં હવે ભારતીય જનતા પાર્ટી કે પ્રાદેશિક પક્ષો સામે ટકી રહેવાની તાકાત નથી બચી, એવાં તારણો દર્શાવતી આ ચૂંટણી ભાજપ માટે આગળ - ઉપરની લાઈન 'ક્લિયર' હોવાનો સંકેત આપે છે. ભારતીય લોકશાહીમાં આવી રહેલ પરિવર્તનનો આ નોંધપાત્ર ગણાય એવો ઐતિહાસિક સંદેશ છે. ગાંધી-નહેરુ પરિવાર પ્રત્યેનો પ્રજાકીય આદર અને સમર્પણભાવ હવે પૂરો થઈ ગયો છે, એટલું કોંગ્રેસના મોવડીમંડળે સમજી લેવું જોઈએ. જો કે મોદી-શાહની જોડીએ 'કોંગ્રેસ મુક્ત' ભારતની અહાલેક જગાવી છે, તે લોકશાહીના સંસ્કારોની વિરુદ્ધની

તંત્રીસ્થાનેથી...

એકાધિકાર વાદી માનસિકતાનું પ્રમાણ છે. વિરોધ પક્ષને જળમૂળથી નાબૂદ કરી દેવાની વૃત્તિ સામે પ્રજાએ વેળાસર જાગવાની જરુર છે. કોંગ્રેસને હાથનાં કર્યા હૈયે વાગતાં રહ્યાં છે અને એના શતમુખ વિનિપાત માટે સૌથી વધુ જવાબદારી એની રાષ્ટ્રીય નેતાગીરીની જ છે. પરંતુ કોંગ્રેસને હજી પણ ઉગારી લઈ ભવિષ્યની પ્રજા માટે સબળ રાષ્ટ્રીય પાર્ટીનો વિકલ્પ જાળવી રાખવાની પ્રજાની પણ જવાબદારી બને છે. એ માટે ફક્ત કોંગ્રેસના ગ્રાસરુટ કાર્યકરોએ જ નહીં બલકે કોંગ્રેસથી અલગ થયાં છતાં ગાંધીપ્રેરિત બિનસાંપ્રદાયિક વિચારસરણી ધરાવતાં જનતા દળ (યુ) અને તૃણમૂલ કોંગ્રેસ જેવાં પ્રાદેશિક પરિબળોએ વેળાસર એક નવી કોંગ્રેસ રચવાની જરુર છે. મૂળ કોંગ્રેસે આવાં પરિબળોને આત્મસાત્ કરી પ્રાદેશિક સ્તરે કાઠું કાઢી લોકપ્રિય બનેલાં મમતા બેનરજી અને નીતીશકુમાર જેવા નેતાઓનાં હાથમાં ઉદારતાપૂર્વક એ નવી કોંગ્રેસનું સુકાન સોંપવાની તૈયારી રાખવી પડશે. દક્ષિણ ભારતમાં પણ જે પ્રાદેશિકતાવાળું માનસ દૃઢ થતું જાય છે, એનો રાષ્ટ્રીય વિકલ્પ જમણેરી ભાડપ નથી પરંતુ સર્વાશ્લેષી અભિગમ ધરાવતી કોંગ્રેજ જ છે. કોંગ્રેસને પરિવારમુક્ત કરવાનો સમય પાકી ગયો છે. દેશને કોંગ્રેસ મુક્ત કરવામાં રસ લેવાથી સંભવિત 'ડેમોક્રેટિક ડેમેજ' નિવારવા આવી કોઈ ઝુંબેશ શરુ થશે તો તે સાચી દિશાનું પગલું હશે. પ્રજામાં કોઠાસૂઝ છે, તે પ્રાદેશિક નેતાઓને ભાજપ સામે મજબૂત સહયોગ આપીને આ ચૂંટણીમાં પણ મતદાતાએ બતાવી જ દીધું છે. ખરેખર તો આસામમાં ભાજપના વિજય પાછળ સ્થાનિક રાજકીય પાર્ટીઓ સાથેનું જોડાણ જ સવિશેષ કારણરુપ રહ્યું છે, તે સમજી લેવું જોઈએ.

યુગો યુગોથી ચાલતા અસમાનતાના સડા નાબૂદ કરવાનો ધર્મ સુશિક્ષિત સ્ત્રીઓને જ છે

મા ત્ર ધાંધલ અથવા આકર્ષણશક્તિ કેળવવાથી સ્ત્રી પુરુષ સમાનતા નહીં આવી શકે : ગાંધી

અબ્બાસ અલી તૈયબજીના પુત્રી રેહાનાબાનુ સ્ત્રીઓની વિપરિત સામાજિક પરિસ્થઈતિ વર્ણવતા ગાંધી બાપુને લખેલાં પત્રમાં આત્યંતિક ભાષા વાપરતા લખે છે 'બાપુ તમે જો કન્યા જન્મ્યા હોત તો તમારું લોહી ઉકળી જાત.' એ સમયે સ્થિતિ ગ્લોબલ વોર્મિંગની પણ ન હતી અને બાપુના વિચાર વાત કે સમજાવટમાં કયારેય તાપમાનની અસર થતી ન હતી. એટલે સાવ ઠંડા દિમાગ જવાબ આપતા મહાત્મા ગાંધી જે લખે છે એ વાત આપણા ગતાંકમાં અધૂરી હતી. તેની સાથે આજના લેખનું લખાણ સાંધણ છે. (અગાઉનો લેખ તા. ૧૪ મે, ૨૦૧૬, શનિવાર, ગાંધીનગર સમાચાર, પૃષ્ઠ : ૪)

'સ્ત્રીઓના અધિકાર વિશે એકે બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી' એવા કેન્દ્રસ્થ વિચારપત્રમાં સ્વેચ્છાએ કુંવારા રહેલા રેહાના બેન તૈયબજીને (બાપુએ આમ લખ્યું છે) ચારડા એક્ટના સંદર્ભે તે સમયે દેશભરમાં ચાલેલી ચર્ચાનો આધાર લેતા કહે છે - સ્ત્રીઓ સાથેની અસમાનતા બાબતે જે વિચારશીલ માનવીઓ જે ધારે છે એના કરતાં એ વ્યાધિનું મૂળ વધારે ઊંડું છે. તેઓ પુરુષને અમરત્વની ઘેલછા હોય છે એમ કહેતા કહે છે કે જયારે પુરુષને જ વારસો આપવામાં આવે છે ત્યારે એ ન ભૂલવું જોઈએ કે સ્ત્રીઓ વિવાહિત હોય છે. એટલે કે એક ઘરની પુત્રી બીજાની વુ હોય છે એટલે જયારે એના પુરુષને વારસો મળે ત્યારે એ શ્રીમતી ફલાણી તરીકે પોતાને ઓળખાવવામાં આનંદ અને ગર્વ માને છે. આ રીતે વારસા હક્કના ક્રાંતિકારી વિચારમાં સ્ત્રીઓ ભલે મત આપે પણ એ મૌખિક જ વિચારમાં સ્ત્રીઓ ભલે મત આપે પણ એ મૌખિક જ રહે સૈદ્ધાંતિક દૃષ્ટિએ મત આપવાની વાત આવે ત્યારે તેઓ પોતાની સત્તા અને અધિકારો જે પતિના કારણે મળ્યા છે એ છોડવા તૈયાર નથી હોતી.

કાયદાના બધા બંધનો સ્ત્રી જાતિ ઉપરથી ખેંચી લેવાનો મારો હંમેશનો આગ્રહ છે એવો પુનઃ ઉલ્લેખ કરતા બાપુ લખે છે - હિન્દુસ્તાનની સુશિક્ષિત બહેનો આ વ્યાધિનું મૂળ કારણ મટાડવાનો પ્રયત્ન કરતા થાય એ જરુરી છે. ત્યાગ અને તપશ્ચર્યાની મૂર્તિ એવી સ્ત્રી જો જાહેરજીવનમાં પ્રવેશે તો બે પરિણામ આવવા જોઈએ : એક તો વાતાવરણની શુદ્ધિ, અને બીજું મિલ્કત એકઠી કરવાના પુરુષના લોભ ઉપર અંકુશ. ભારતના લાખો લોકો પાસે વારસામાં આપી શકાય તેવી મિલ્કત હોતી જ નથી. આ અધિકાંશ વર્ગ પાસેથી શ્રીમંત વર્ગની સ્ત્રીઓને પાઠ તો એ શીખવાનો રહ્યો છે કે તેમનું શ્રેય મિલ્કત વારસો સ્વેચ્છાએ છોડવામાં છે અને બીજાઓ પાસે છોડાવવામાં છે. જે સાચો વારસો મા-બાપ પોતાના બધાં સંતાનોને સરખે ભાગે આપી શકે છે તે માત્ર ચારિત્ર્ય અને કેવળણીનાં સાધનો જ છે. માતા-પિતાએ તેમના સંતાનોને સ્વાશ્રયી બનાવવા ઘટે છે. જેથી પોતાની મહેનતથી તે શુદ્ધ પૈસા કમાઈ શકે. ધનિકવર્ગના લોકો તેમનાં છોકરાને સ્વાશ્રયનું શિક્ષણ આપતા થઈ જાય અને મિલ્કતના વારસાના ગુલામ બનાવવાના મિથ્યા મોહ જે તેમને આળશુ એ વ્યસની જીવનમાં નાખી ઉત્સાહહીન અને નિવિર્ય બનાવી છે, તેમાંથી ઉગરી જાય, તો જે નિસ્તેજતા અને બુદ્ધિમંદતા આજે તેમનાં સંતાનોમાં જોવામાં આવે છે તે ઘણે ભાગે દૂર થાય. યુગોયુગોથી ચાલતા આ જૂના સડા નાબૂદ કરવાનો ધર્મ સુશિક્ષિત સ્ત્રીઓનો જ છે.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ પત્રમાં આડકતરી રીતે બ્રહ્મચર્યનું મહિમા ગાન કરતા લખે છે - પરસ્પર વિષયવાસનાએ સ્ત્રી જાતિની પરાધીનતામાં જે ભાગ ભજવ્યો છે તેને માટે પ્રમાણની જરુર ન જ હોય. સ્ત્રીઓ અનેક સૂક્ષ્મ રીતે પોતાની આકર્ષણ શક્તિનો ઉપયોગ પુરુષ પાસેથી તેની સત્તા આડકતરી રીતે ઝૂંટવવા માટે કર્યો છે. પુરુષની કોશિશ આ પ્રયત્નને નિષ્ફળ કરવાની રહી છે. પણ તેમાં તે ફાવ્યો નથી. પરિણામે બંને ખાડામાં પડ્યાં છે એમ કહીએ તો ચાલે.

પ્રતિકુળ પાશ્ચાત્ય રીતરિવાજની નકલથી આપણી પરિસ્થિતિનું કોકડું ઉકલી શકે તેમ નથી. આથી આપણા હિંદુસ્તાનની પરિસ્થિતિ અને આપણા રાષ્ટ્રીય સ્વભાવને અનુકૂળ ઉપાયો શોધવાના રહ્યા. આ ગંભીર પરિસ્થિતિનો ઉકેલ ભારતવર્ષની સુશિક્ષિત બહેનોએ કરવો ઘટે. બહેનોનું કર્તવ્ય વાતાવરણમાં શુદ્ધતા રાખવાનું, નિશ્ચયોમાં દૃઢતા અને દિગ્મૂઢતાનો દોષમાંથી બચાવવાનું આપણી સભ્યતા અને સંસ્કૃતિના સર્વોત્તમ તત્ત્વને પોષવાનું અને તેમાંનાં દૂષણો દૂર કરવાનું છે. આ કામ સીતા, દ્રૌપદી, સાવિત્રી, દમયંતી જેવી પ્રાતઃસ્મરણીય સતીઓ જ જન્મ લઈ કરી શકે. માત્ર ધાંધલ અથવા આકર્ષણશક્તિ કેળવવાથી થઈ શકે એમ નથી.

સંદર્ભ : સ્ત્રીઓનું સ્થાન, ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૪૨, પૃ.૪,૫

(લેખક ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

પોતાના માટે બધા જ જીવે અન્ય માટે કંઈક કરવાની ભાવના જાગવી એ પ્રભુનો પ્રસાદ છે

મેઘધનુષની બસ એટલી
ફરિયાદ છે
આછો સૂરજ ને
નાગો વરસાદ છે.

(ફારૂક ઘાંચી 'બાબુલ')

કેટલાક સંવાદો તપાસીએ : શ્રીમાન શર્મા નવી કાર લાવ્યા. તે એમાં શું ધાડ મારી, બે નંબરનો પૈસો છે તે લાવે ય ખરા! શ્રીમતી ખન્નાને પ્રમોશન મળ્યું. હા, ઠીક એ તો, ખબર છે કેવી રીતે મેળવ્યું તે! શ્રીમાન પટેલની દીકરીએ ફસ્ટ રેન્ક મેળવ્યો. હા, હા, હવે અમે નથી જાણતા તેના મામા કઈ પોસ્ટ પર છે. તે ફસ્ટ રેન્ક આવે જ ને!

ઉપરોકત સંવાદો કોઈ સ્વસ્થ વ્યકિતના ન હોઈ શકે. કોઈનું સારું થતું હોય અને એ ન જોવાય ત્યારે મનમાં કોઈ ખોડ છે એ નકકી! પોતાનું સારું થાય કે ન થાય પરંતુ અન્યનું કલ્યાણ થતું ન જોઈ શકનારા રોગી હોઈ શકે છે. કોઈ રોગનો ભોગ બનેલા જ રોગી હોય તો તો દવા-ઈંજેકશનથી ઈલાજ થઈ શકે.

અન્યનું સુખ જોઈને વ્યકિત ત્રણ અવસ્થામાં મૂકાય

૧. કોઈ જ અસર ન થાય.
૨. આનંદીત થાય.
૩. દુઃખી થાય.

પહેલા નંબરની વ્યકિતએ સામાન્યજન છે. એવરેજ વ્યકિત છે. બીજા કમાંક વાળો વ્યકિતએ સ્વસ્થતા ધરાવે છે. જયારે ત્રીજા કમે રહેલી વ્યકિત રોગી છે. અન્યને થતો આનંદ જોઈ દુઃખી થતા રોગીઓનો કોઈ ઈલાજ ખરો? સમડીની ઉડવાની ઝડપ જોઈને ચકલી કયારેય ડિપ્રેશનમાં આવી હોય તેવું જાણ્યું નથી. પરંતુ કેટલીક ''બાહોશ વ્યકિતઓ'' સામે ચાલીને ડિપ્રેશન વહોરી લેતાં હોય છે. કોઈકની પચાસલાખની ગાડી જોઈને પોતાની પાંચ લાખની ગાડીને અવગણનારા મળી રહે છે. અન્યનો બંગલો જોઈ પોતાનું બે ઓરડાનું ઘર જોઈ હતાશ થનારાઓની સંખ્યા ઓછી નથી. ધીરે ધીરે આ હતાશા ઈર્ષામાં પરિણમતી હોય છે. ઈર્ષાળુ વ્યકિતને અને અસફળતાને નજીકનો સંબંધ રહેલો છે.

રસ્તે ચાલતાં અનેક ખાડા-ખાબોચિયાં આવતાં હોય છે. ખાબોચિયામાં ગંદુ પાણી હોય, ગંધાતું હોય. ખાબોચિયું હંમેશા ગંદકી અને મચ્છરનું ઉદ્‌ગમ સ્થાન રહયું છે. ખાબોચિયાને અને પ્રવાહિતાને બારમો રાહુ છે. રોગને અને ખાબોચિયાને નજીકનો નાતો છે.
જેમ રોગી મળી રહે છે તેમ યોગી પણ મળી શકે. રોગી ખાબોચિયું છે તો યોગી ખળખળ વહેતી નદી જેવો પ્રવાહી છે. પ્રસન્ન છે, ઉત્સાહી છે. રોગી તોડવાનું તો યોગી જોડવાનું કામ કરે છે. અન્યને પ્રસન્નતા પ્રદાન કરવાનું યોગીનું લક્ષ્ય હોય.

પૂજય રવિશંકર મહારાજે સુંદર વાત કહેલી : ''કટાઈ જવા કરતાં ઘસાઈ જવું વધું સારું.'' વાત આગળ કહે છે - ''ઘસાઈને ઉજળા થવાય.''

અન્યો માટે ઘસાઈ જવા વાળા યોગીઓ હોય છે. આવું એક યોગી ગ્રુપ ગયા અઠવાડિયે પરિચયમાં આવ્યું. જે ૧૦૮ ના નામથી ઓળખાય છે. ચાલીસ-પચાસ તરવરિયા યુવાનોનું આ ગ્રુપ ઉપયોગી કાર્યો કરવા તત્પર છે. તેમણે પોતાનાં મોબાઈલ નંબર વહેતા કર્યા છે. જરૂરિયાતવાળા તેમનો ઉપયોગ કરે છે. જેમા બ્લડની જરૂર હોય, અશકતને હોસ્પીટલ લઈ જવાના હોય, દવાની જરૂર હોય, દવા માટે પૈસાની જરૂર હોય, એકાકી જીવન ગાળતાં વૃધ્ધોને ટિફીન પહોંચાડવાનું હોય, ઘાયલ પશુ-પક્ષીને સારવાર આપવાની હોય, એકાકી જીવન ગાળતી વૃધ્ધાનું લાઈટબીલ ભરવાનું હોય, તો ૧૦૮ ના ગૃપનો સહજતાથી સંપર્ક કરાય છે. અને પ્રસન્નતા પૂર્વક યુવાનો કામ પાર પાડે છે.૧૦૮ ના યુવાનો જે તે સ્થળે પહોંચી જાય છે અને તે વ્યકિતને ઉપયોગી થવાનો આનંદ વ્યકત કરે છે. આ તમામ સેવા તદ્દન મફત (ફ્રી) આપીને યુવાનો સમાજને ઉપયોગી થાય છે. તેઓ કહે છે અમારે ભોગી કે યોગી નથી થાવું, સમાજને ઉપ-યોગી થવાય એ જ બસ છે. ૧૦૮ સંપર્ક : ૯૪૨૬૦૬૦૮૫૫, નિલેષ જોશી અને મિત્રો.

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

આજના ગુગલ યુગમાં આ પ્રકારના ગ્રુપની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ગુરુનાનકે આપેલા આશીર્વાદ મુજબ આ ગ્રુપ સમગ્ર દેશમાં ફેલાઈ જાય. ગામે ગામ પથરાય તો !!

વિવેકાનંદજી કહેતા કે જનસેવાથી મોટી બીજી કોઈ સેવા હોઈ ન શકે. અન્યોને મદદ કરવા તત્પર રહેવું, લોભ, લાલચ કે સ્વાર્થ વગર કાળજી પૂર્વક તે કામ કરવું એ સરેરાશ મનુષ્યના જીવન કરતાં એક વેંત ઊંચું છે. આ ત્યારેજ શકય બને જયારે પરિશ્રમની સાથે સમજણ ભળે. આજે સ્વાર્થ વગર તણખલું પણ ન ઉપાડનારો માણસ કોઈ અજાણ્યાની મુશ્કેલીમાં દોડી જાય ત્યારે થતું આશ્ચર્ય અસ્થાને નથી. ''મારું શું ? અને મારે શું?'' ના આ યુગમાં પોતાનો રોટલો શેકનારાઓને ''બીજા'' માટે વિચારવાનો સમય જ નથી.

જાણીતા દાર્શનિક એક હાર્ટ લખે છે. સમગ્ર જીવન દરમિયાન જો તમે, એક જ વખત પ્રાર્થના કરો અને ઈશ્વરને 'થેન્ક યુ' કહો તો તે પણ પૂરતું છે. જીવનમાં 'થેન્ક યુ' કહેવાનો અવસર છોડવા જેવો નથી. ઘસાઈને ઉજળા થવાનું ૧૦૮ ના ગ્રુપે સ્વીકાર્યું છે. પ્રભુને થેન્ક યુ કહેવાનો આનાથી રૂડો અવસર કયો ? બીજાને મદદ કરીને થતો આનંદ શબ્દાતીત છે. પોતાના માટે બધા જ જીવે અન્ય માટે કંઈક કરવાની ભાવના જાગવી એ પ્રભુનો પ્રસાદ છે. આ પ્રસાદ સૌના નસીબમાં કયાંથી?

(નિલેષ જોશી, શૈલેષ દવે, જય અમીન, હર્ષદ જોશી, આર.જી., રાકેશ મહેતા, જિગ્નેશ સુથાર, રેજીમોલ, પિન્ટુ, અંક્તિ પટેલ, મુકુન્દ શાહ, નવનીત પરીખ, રવિ શાહ, ધર્મેન્દ્ર ત્રિવેદી : ગ્રુપ ૧૦૮ને અર્પણ)

મિસરી -

ના તું જાણે, ના હું જાણું
બેય મળીને એક ઉખાણું !

(રાજેન્દ્ર શુકલ)

બી.કેશરશિવમ્ વાર્તા, કવિતા અને નિબંધ સ્પર્ધાનું આયોજન

વૃત સંચય

● ભારતના ઉત્કૃષ્ટ બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં 'બી કેશરશિવમ્ વાર્તા, કવિતા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.' જે માટેના વિષયોમાં ડૉ. બાબાસાહેબના જન્મ, ભણતર, પરદેશમાં વિદ્યાભ્યાસ, મહાડ તળાવ, કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ, બંધારણ નિષ્ણાત, કાનૂન મંત્રી, હિન્દુ કોડ બિલ, મંત્રીપદેથી રાજીનામું, પૂના કરાર, બૌદ્ધધર્મ અંગીકાર અને એમનાં પુસ્તકો, પ્રવચનો અને વોલ્યુમનો સમાવેશ કરવામાં આવેલ છે. આ અન્વયે વાર્તા, કવિતા, નિબંધ એમ દરેક કેટેગરીમાં પ્રથમ પારિતોષિક રૂા. ૨૫૦૦, બીજું રૂા. ૧૫૦૦ અને ત્રીજુ ૧૦૦૦ રહેશે. ત્રણેય કેટેગરીમાં રૂા. ૧૦૦ નાં દસ આશ્વાસન ઈનામો પણ આપવામાં આવશે. આ સ્પર્ધામાં માટેના કૃતિઓ 'બી. કેશરશિવમ્ એમ. જાદવ,' 'શૂળ' પ્લોટ નં. ૧૩૮/૧, સેકટર-૧બી, ગાંધીનગર ખાતે તા. ૧૫-૮-૨૦૧૬ સુધીમાં મોકલવાની રહેશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શરુ કરાયેલ 'સાહિત્ય રત્ન એવોર્ડ' નો પ્રથમ એવોર્ડ મેળવનાર ભાગ્યશાળી થયા છે, જાણીતા નિબંધકાર, વિવેચક અને વિચારક તથા રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા અને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'થી સન્માનિત ગુણવંતભાઈ શાહ. આ એવોર્ડ તેઓને તા. ૧૬-૫-૨૦૧૬ના રોજ, અમદાવાદ ખાતેના ટાગોર હોલમાં માન. મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના અધ્યક્ષસ્થાને અતિથિ વિશેષ તરીકે યુવા અને સાંસ્કૃતિક વિભાગના માન. મંત્રી નાનુભાઈ વાનાણી અને કેબીનેટ મંત્રી નીતીન પટેલ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના ઉપકુલપતિ દક્ષેશ ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં અને પૂ. મોરારિ બાપુની નિશ્રામાં, આનંદીબહેન પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યો. આ સમારંભની પૂર્વભૂમિકા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહાએ બાંધી હતી. રઘુવીર ચૌધરી, વિનોદ ભટ્ટ, યોગેશ ગઢવી, રાજેન્દ્ર પટેલ, માધવ રામાનુજ, ચિનુ મોદી, રજનીકુમાર પંડ્યા, સતીષ વ્યાસ, દોલત ભટ્ટ, ડૉ. કેશુભાઈ દેસાઈ, રતિલાલ બોરીસાગર, રાઘવજી માધડ, ભરત કવિ, નટવર હેડાઉ વિગેરે ખ્યાતનામ કવિ/સાહિત્યકારોએ ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

લાખો યુવાનો અને ભાવકોને પ્રેરણાનાં પિયુષ પાનાર અને વિચાર યજ્ઞના આચાર્ય અને નિર્ભય, નિષ્પક્ષ અને નિર્વેર એમ ત્રિગુણ ધારક તથા જેનામાં સદ્‌વિચાર, સુવિચાર, સમ્યક વિચાર, સામો વિચાર અને સ્વવિચારનાં લક્ષણો છલોછલ ભરેલાં છે તેવાં ગુણવંત શાહનો જન્મ તા. ૧૨મી માર્ચ, ૧૯૩૭ના રોજ, સુરતના રાંદેર ગામમાં, માતા પ્રેમબાઈને ખોળે અને પિતા ભૂષણભાઈને આંગણે થયો હતો. આમ મહેનતુ, અભ્યાસુ અને વ્યવહારુ, માતા-પિતાના સાનિધ્યમાં ગુણવંતભાઈનો અભ્યાસ અને ઉછેર સારી રીતે થતાં, તેઓ ગુજ. યુનિમાંથી રસાયણ વિજ્ઞાનમાંથી બી.એડ્. એમ.એડ્. અને શિક્ષણમાં પીએચ.ડી. થયા. તેઓ યુવાન વયે જે પૂ.રવિશંકર મહારાજના સતત સંપર્કમાં રહેતાં, સામાજિક -સેવાકીય પ્રવૃત્તિઓ તરફ વળ્યા. સેવાકાર્યમાં વ્યસ્ત હોવાને કારણે તેઓ પિતાશ્રી ભૂષણભાઈના મૃત્યુ સમયે અંતિમ ક્ષણે ઘેર પહોંચી શકયા નહીં. તેઓ રાંદેરના લોકમાન્ય વિદ્યાલયમાં શિક્ષક સહાયક તરીકે જોડાયા. અને એક વર્ષ સુધી પગાર પોતે ન લેતાં, આ રકમ શાળા અને વિદ્યાર્થીઓનાં વિકાસમાં વાપરવા સ્કૂલને અર્પણ કરેલી. તેમનાં લગ્ન અવંતિકાબેન સાથે થયાં. ગુણવંત શાહની શૈક્ષણિક પ્રતિભાને કારણે તેઓ ૧૯૬૭-૬૮માં મિશિગન યુનિ.માં વિઝિટિંગ પ્રોફેસર, ઈ.સ. ૧૯૮૪-૮૫માં બાંગ્લાદેસ એજ્યુ. પ્રોજેક્ટ સંબંધે એશિયાઈ ડેવલોપમેન્ટ બેન્કના પરામર્શક તરીકે અને ૧૯૮૫માં એરિઝોના સ્ટેટ યુનિ. (ટેમ્પફી) માં વિઝિટિંગ પ્રોફેસર રહ્યાં.

૧૯૭૫માં યુનેસ્કો (પૅરિસ)માં અને ૧૯૭૯માં જીડીઆર (ઈસ્ટ જર્મની)માં ભારતીય પ્રતિનિધિત્વ કર્યું. તેમણે ભારતીય શિક્ષણ વિધારધારાનો દુનિયામાં - અમેરિકામાં, ઓસ્ટ્રેલિયા, નોર્વે, કેનેડા, ફ્રાન્સ,આફ્રિકા, જેવા દેશોમાં વહેતી કરી છે. તેઓ ૧૯૭૨-૭૩માં ટેક. ટિચર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિ. ચેન્નાઈમાં પ્રોફેસર અને હેડ ઑપ ડિપાર્ટમેન્ટ રહ્યા અને તે પ્રમાણે સને ૧૯૭૫માં ૧૯૮૭ સુધી દક્ષિણ ગુજ.યુનિ. સુરતમાં સેવાઓ આપી, જયારે ૧૯૮૧ થી ૧૯૮૪ સુધી ઈન્ડિયન એસો. ફોર એજ્યુ. ટેકનોલોજીમાં અધ્યક્ષ તરીકે રહ્યા. આમ ભારતીય વિચારધારા અને સંસ્કૃતિને વેગવાન બનાવ્યાં. તેમણે ગુજરાતની પ્રખ્યાત શૈક્ષણિક પ્રતિભાઓને સાથે રાખીને દસેક વર્ષ સુધી સેકડો કિલોમીટરની પદયાત્રા દ્વારા ગુજરાતના યુવાનોને આદર્શજીવન જીવવા અને સામાજિક કાર્યોમાં સક્રિય બનાવા માટે સંકલ્પો લેવડાવી, યુવાનોના આદર્શોને ચરિતાર્થ કર્યા. અને 'માતૃભાષા' વંદનયાત્રા દ્વારા તેઓએ ગુજરાતી ભાષાની ગરિમાને લોકહૈયા સુધી પહોંચતી કરી, જેની નોંધ વિશ્વના અનેક દેશોએ લીધી છે. તેમણે ૧૯૭૫-૭૬ માં 'ગુજરાતી મિત્ર', 'ચિત્રલેખ